# અહો ! અહો ! શ્રી સદગુરૂ

અહો ! અહો ! શ્રી સદગુરૂ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જેહ સ્વરુપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરૂ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદગુરૂ, પરમજ્ઞાન સુખ ધામ;

જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;

તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત, હો વંદન અગણિત.

2016-03-25 -